*DS-1601010101062201*

# DS-1601010101062201 Seat No. ______

## Third Year B. A. (Sem. VI) (CBCS) (WEF-2016) Examination

**April - 2022**

## Gujarati : Paper-22

*(Apathit)*

*(Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નોના ગુણ સરખા છે.
(2) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો. **14**

ગાણું અધૂરું મેલ્ય મા,
'લ્યા વાલમા,
ગાણું અધૂરું મેલ મા.
હૈયે આયેલું પાછું ઠેલ મા,
'લ્યા વાલમા,
હોઠે આયેલું પાછું ઠેલ મા, ગાણું અધૂરું ૦
હૈયા સંગાથે ભૂંડા ખેલ મા,
'લ્યા વાલમા,
ભોળા સંગાથે ભૂંડું ખેલ મા, ગાણું અધૂરું ૦
ઓરા બોલાવી ધકેલ મા,
'લ્યા વાલમા,
છાતીથી છેટાં ધકેલ મા, ગાણું અધૂરું ૦
છાતીથી છેટાં મેલ મા,
'લ્યા વાલમા,
હૈયા સંગાથે ભૂંડા ખેલ મા.
અરધે અધૂરું મેલ મા,
'લ્યા વાલમા,
હોઠે આયેલું પાછું ઠેલ મા.
ગાણું અધૂરું મેલ મા.

- ઉમાશંકર જોશી

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : 14

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે
ફરી આવા દશ્ય સ્મૃતિ પર મળે ન મળે
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે,
રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં
પછી કોઈની કબર મળે ન મળે
વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખમાં
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે
વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ'
અરે આ ધૂળ પાછી ઉમ્રભેર મળે ન મળે.

- આદિલ મન્સૂરી

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

'ભાવ જાગૃત થાય ને હૃદયમાં જામે-એવી જે રસરૂપ-મનઃસ્થિતિ, તે મૂળ તો બીજા માણસ અને સાહિત્યકારમાં-સમાન હોય છે. પણ સર્જનની ક્ષણમાં અમુક ભાવ કે ભાવોને લગતી સાહિત્યકારની પોતાની પૂર્વસ્મૃતિઓ-અને પૂર્વસંસ્કારો તેના પ્રતિભા બળે કરીને જે-અસાધારણ પ્રમાણમાં સચેત બને છે, તે પ્રમાણેનો-તફાવત પ્રધાનપણે ઈતરજનો અને સાહિત્યકાર વચ્ચેનો ભેદક અંશ બને છે. સર્જનક્ષણે સાહિત્યકાર-તો જાણે પોતાના કેવળ વ્યક્તિગત સ્વરૂપનું ખોળિયું-પાછળ છોડી દઈને, જે માત્ર પ્રસંગ કે વર્ણન પોતે-આલેખનાર હોય તેવા કલ્પનાપ્રદેશીય જીવનમાં-સૂક્ષ્મદેહે પ્રવેશે છે. એ રીતે કૃતિ સર્જાય છે. ત્યારે કર્તાની સર્ગશક્તિ ઉપરાંત બીજી શક્તિઓનો પણ તેમાં ઉપયોગ થતો હોય છે; જેમ કે, વિવેકશક્તિ અને પ્રતિભા.'

- વિજયરાય વૈદ્ય

**અથવા**

2 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : 14

'પ્રેમનો જન્મ પરસ્પરના સમભાવથી થાય છે, સમભાવ-પ્રેમનું બીજ છે. એમાંથી જન્મતો પ્રેમ સ્થૂલથી પર છે. એ ચાહે છે પરસ્પરના હૃદયનું આકર્ષણ, હૃદયનો-વિનિમય, પરસ્પરના હૃદયનું પૂજન. ત્યાં સુધી એ સ્વરૂપ ઉર્ધ્વગામી છે, દૈવી છે, પરસ્પરને પાવન કરનારું છે. પરંતુ સમભાવથી જન્મેલો પરસ્પરના-હૃદયૈક્યને ચાહતો પ્રેમ જ્યારે સ્ત્રી અને પુરુષ વચ્ચે-બંધાય છે, ત્યારે એના સ્વરૂપને સમજવું ખૂબ જરૂરી છે. એના બે પક્ષ છે : એક સૂક્ષ્મ અને બીજું સ્થૂલ. સૂક્ષ્મ માર્ગે જનાર પ્રત્યેક વ્યક્તિ પામી વ્યક્તિનું-પૂજન કરે છે. એને હૃદયમાં સ્થાપે છે. અને પ્રેમના-પૂજન દ્વારા પોતાના હૃદયને, પોતાના જીવનને-ઉન્નત બનાવે છે. પરંતુ વ્યક્તિ જ્યારે સ્થૂલ પક્ષે-ચાલી જાય છે, ત્યારે એ પોતાનો વિનાશ નોતરે છે. સ્થૂલ સૌંદર્યને ચાહનારા કદી પણ સુખ પ્રાપ્ત કરી શકનાર નથી જ.'

- યોગીન્દ્ર જ. ત્રિપાઠી

3 નીચેનો નિબંધ લખો : 14

આજની યુવા પેઢીનાં પ્રશ્નો.

**અથવા**

3 નીચેનો નિબંધ લખો : 14

કુદરતી આપત્તિ અને આપણો માનવધર્મ.

4 નીચેનો નિબંધ લખો : 14

અપાહિજ સૈનિકની આત્મકથા.

**અથવા**

4 નીચેનો નિબંધ લખો : 14

'મા તે મા, બીજા બધા વગડાના વા.'

5 નીચેનામાંથી કોઈપણ **બે** પ્રશ્નોના જવાબ લખો : 14

(1) જીવનમાં શિસ્તનું મહત્વ.

(2) દહેજ : એક સામાજિક દૂષણ.

(3) વર્તમાન શિક્ષણ : એક વિચારણા.

(4) ઉનાળાની બપોર.